# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

**એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.**

## પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ ની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૭-૧૦-૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ ‘‘ખાલી બેઠકો’’ મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી અને અનુદાનિત ધોરણે ચાલતી સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ બાદ ‘નોન-રિપોર્ટીંગ’ ને કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે. પ્રથમ વર્ષ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૬ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.** આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ www.gujacpc.nic.in ઉપર પોતાના લોગીન આઈડી (Login ID) ની મદદથી પ્રવેશ સમિતિએ નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન સંમતિ આપ્યા બાદ રજીસ્ટ્રેશન ડિટેઈલમા જઈ અને સંમતિ આપ્યા બાબતનો પત્રની પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. જે ઉમેદવારોએ અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ નથી અને જરૂરી લાયકાત ધરાવતા ઉમેદાવારોને એસીપીસી ખાતેથી રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી, રજીસ્ટ્રેશન કરાવી ખાલી બેઠકો માટે સંમતિ આપવાની રહેશે. સંમતિ આપનાર ઉમેદવારોની એક નવી સામાન્ય મેરીટ યાદી, (Common Merit List) બનાવવામાં આવશે અને તે મુજબ બેઠકોની ફાળવણી કરવામાં આવશે. આ બેઠકો માટે પ્રવેશ ઉચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન સંમતિ આપ્યા બાબતના પત્રની પ્રિન્ટ આઉટ સાથે રૂબરૂમાં પ્રવેશ સમિતિ, અમદાવાદ ખાતે **તા. ૧૭-૧૦-૨૦૧૬ ના રોજ જાહેર થનાર નવી મેરીટ યાદીના મેરીટ ક્રમાંક મુજબ નીચે દર્શાવેલ સમય પત્રક અનુસાર સરકારી અને અનુદાનીત કોલેજોની ખાલી સીટોના પ્રવેશ માટે સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડના સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. ઉમેદવારોએ ખાલી રહેલ બેઠકોની યાદી રોજે રોજ એસીપીસીની વેબસાઈટ ઉપર જોતા રહેવું.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪-૧૦-૨૦૧૬ થી ૧૫-૧૦-૨૦૧૬ | સરકારી / ગ્રાન્ટ-ઈન-એડ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અને સ્વનિર્ભર ફાર્મસી કોલેજની ખાલી બેઠકોના પ્રવેશ માટે રજીસ્ટર ઉમેદવારોની ઓનલાઈન કન્સેન્ટ અને ખાલી બેઠકો માટે રજીસ્ટર્ડ ન થયેલ હોય તેવા ઉમેદવારો માટે એસીપીસી ખાતે રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી કન્સેન્ટ પત્ર મેળવવા. તા. ૧૫-૧૦-૨૦૧૬ ના રોજ સાંજના ૦૫:૦૦ કલાક સુધી. |
| ૨. | ૧૭-૧૦-૨૦૧૬ | સરકારી/ગ્રાન્ટ-ઈન-એડ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની ખાલી બેઠકો માટે મેરીટ યાદી એસીપીસીની વેબસાઈટ ઉપર જાહેરાત. |
| ૩. | ૧૮-૧૦-૨૦૧૬ | **સવારે-૧૦:૦૦** કલાકે નવી મેરીટ યાદીના **મેરીટ નંબર : ૦૧ થી ૧૦૦૦** અને **બપોરે-૦૨:૦૦** કલાકે નવો **મેરીટ નંબર : ૧૦૦૦ થી ૨૫૦૦** સુધીના ઉમેદવારો સરકારી/ગ્રાન્ટ-ઈન-એડ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની ખાલી બેઠકો માટે એસીપીસી, અમદાવાદ ખાતે સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવું. |
| ૪. | ૧૯-૧૦-૨૦૧૬ | **સવારે-૧૦:૦૦** નવો **મેરીટ નંબર : ૨૫૦૧** થી વધુ ઉમેદવારો સરકારી/ગ્રાન્ટ-ઈન-એડ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની ખાલી બેઠકો માટે એસીપીસી, અમદાવાદ ખાતે સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવું. |
| ૫. | ૧૯-૧૦-૨૦૧૬ | સ્વનિર્ભર કોલેજોની ખાલી બેઠકોની યાદી એસીપીસીની વેબસાઈટ ઉપર જાહેરાત સાંજે ૦૫:૦૦ કલાક પછી. |
| ૬. | ૧૮-૧૦-૨૦૧૬ થી ૨૦-૧૦-૨૦૧૬ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો માટે રજીસ્ટર ઉમેદવારોની ઓનલાઈન કન્સેન્ટ અને રજીસ્ટર ન હોય તેવા ઉમેદવારોનો સંમતિ પત્ર જે તે સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે જમા કરાવવા. |
| ૭. | ૨૧-૧૦-૨૦૧૬ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો માટે સંસ્થા સ્તરે ઈન્ટન્સ મેરીટ લીસ્ટ. |
| ૮. | ૨૨-૧૦-૨૦૧૬ થી ૨૫-૧૦-૨૦૧૬ | સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે કાઉન્સીલીંગ અને પ્રવેશ પ્રક્રીયા. |
| ૯. | ૨૬-૧૦-૨૦૧૬ | સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા ખાલી બેઠકો ઉપર સંસ્થા સ્તરે ફાળવેલ પ્રવેશની યાદીની ફાઈલ એસીપીસી, અમદાવાદ ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ. |

પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, ઉમેદવારોએ સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે, જેની નોંધ લેવી.

**તા. ૧૩-૧૦-૨૦૧૬** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**